## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર
## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૧૩ થી ૧૯ જુન, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| રાજય/ જીલ્લો | વરસાદ (મીમી) જુન–૨૦૧૬ | | | | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | |
| **ગુજરાત** | | | | | | | | |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | જુન મહિનાનાં ત્રીજા અઠવાડિયામાં વરસાદ પડવાની શકયતા છે. વાવણી માટે જરૂરિયાતની સામગ્રી તૈયાર રાખવી. જામનગર અને રાજકોટમાં ચોમાસાનું આગમન લંબાવવાની શકયતા છે. બિનપિયત વિસ્તારમાં થતા કપાસની ખેતી માટે વરસાદના પાણીના સંગ્રહનું આયોજન કરવું. બિનપિયત કપાસની ખેતીમાં દેશી કપાસની વાવણી અનુકુળ રહેશે. અમદાવાદ, વડોદરા, મહેસાણા અને પાટણ જીલ્લામાં જુનના ત્રીજા અઠવાડિયામાં વરસાદની શકયતા છે પરંતુ બાકીના ચોમાસાની સિઝનમાં વરસાદની વહેંચણી ભુલભરેલી રહેવાની શકયતા છે. આ જીલ્લાઓમાં જુલાઈના ત્રીજા અઠવાડિયાથી ઓગષ્ટના ત્રીજા અઠવાડિયા સુધીના લાબાં સમય સુધી વરસાદની ખેંચ રહેવાની શકયતા છે. સદર એક મહિનાના ખેંચના સમયગાળા દરમ્યાન જો છુટોછવાયો વરસાદ ન મળે તો વાવણી કરેલ નાના છોડવાઓમાં ભેજની વધુ ખેંચ રહી સુકાવાની શકયતા છે. આ બિનપિયત વિસ્તારના ખેડુતોને શકય હોય તેટલા ભેજ સંગ્રહ માટેના પગલા જેવાં કે, નીકપાળા પધ્ધતિથી પાળા ઉપર વાવણી, ભેજ સંગ્રહ માટે જુદા જુદા આવરણો વિગેરે પ્રયત્ન કરવા. |
| ભાવનગર | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | |
| સાંબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦ | |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |

| નોંધ | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૧–૫૦ | ૫૧–૮૦ | > ૮૦ |

http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm
http://www.accuweather.com/en/in/india-weather